# કલાકારના કર્લી કેશઃ સંગીતની સાઈડ ઈફેક્ટ

ન બોલવામાં નવ ગુણ
★ નટવર પંડયા

એક યુવાન એક હેર સલૂનવાળા પાસે વાકડીયા વાળ (કર્લી હેર) કરાવી રહ્યો હતો. સાથે તેના મમ્મી પણ હતા. જોગાનુંજોગ તે સલૂનવાળો મારો ઓળખીતો હતો એટલે હું ત્યાં ગયો. યુવાનને વાંકડિયા વાળ કરાવતો જોઈને મેં કુતૂહલવશ પૂછ્યું, દોસ્ત વાળ 'કર્લી' કેમ કરાવે છે!? એટલે તેની મમ્મીએ જવાબ આપ્યો કે નેક્સ્ટ વીકથી તે સિંગિંગ શીખવાનો છે ને! તેનો જવાબ સાંભળીને મારા મનમાં અનેક પ્રશ્નો જાગ્યા પણ જેમ શેરબજારનો કુશળ ખેલાડી રોકાણકારોને સૂવડાવી દે એમ મેં પ્રશ્નોને સુવડાવી દીધા. બોલો, હવે મામલો એ હદે પહોંચ્યો છે કે કલાકાર થયા પહેલા તો વાળને વાંકડિયા-કુકડીયા કરાવી નાખે છે. આમ આજકાલના કલાકારો વાળ પર એટલું બધુ ધ્યાન આપે છે કે પછી વાળ વ્યવસ્થિત રહે છે અને સંગીત ગુંચવાઈ જાય છે. પણ તેમાં શ્રોતાઓને ફાયદો એ છે કે જેને સંગીતકલા અનુકૂળ ન આવે તે કલાકારની કર્લી કેશકલા જોઈને ટાઈમ કાઢી શકે. આમ વાંકડિયા વાળ એ કલાકારોની વીકનેસ છે કે વિશિષ્ટતા એ જ સમજાતું નથી!

મેં એક મિત્રને પૂછ્યું'તું કે આજકાલના ગાવાવાળા, વગાડવાવાળા, પછી ભલે તે મંજીરા વગાડતો હોય. તે બધાના વાળ વાંકડિયા-કુકડીયા કેમ હોય છે!? તો મિત્રે મને વાળનું વિજ્ઞાન સમજાવતા કહ્યું કે 'આજકાલ આપણાસંગીતમાં વેસ્ટર્ન સ્ટાઈલ પણ જોવા મળે છે. તેમાં 'જે.આર. બેભાન'ના મ્યુઝિકની અસર પણ જોવા મળે છે. એટલે કલાકાર પર તે સંગીતની સાઈડ ઈફેક્ટ થાય છે. તેને કારણે તેના વાળ વાંકડિયા થઈ જાય છે.'

ઘણા સમય સુધી તો હું તેને સાચું માનતો રહ્યો.પછી એટલું સમજાયું કે આવા વાંકડિયાવાળમાં કાંસકો ન ચાલે એમ તેની ગાયકીમાં આપણું મગજ પણ ન ચાલે. જો કે આવું સંગીત સાંભળવામાં ફક્ત કાનની જરૂર છે, ધ્યાનની નહીં. તે મ્યુઝિક મગજ માળીયે મૂકીને સાંભળવાનું હોય છે. જેમ આજકાલની ફિલ્મોના ગીતો પણ સાંભળવાના નહીં પણ'જોવાના' હોય છે. તેમ આવા કાર્યક્રમો પણ જોવાના હોય છે.

સાંભળવાના નહીં. આજકાલ તો વાતાવરણ એવું છે કે સ્ટેજ પર ગાતાં મોટાભાગના કલાકારો વાંકડિયા વાળ રાખે છે. અવાવરું જગ્યામાં ઊગી નીકળેલા ઝાડી ઝાંખરાની જેમ તેના માથા પર વાંકડિયા વાળનો જંગી જથ્થો ઊગી નીકળ્યો હોય છે અને તે તેની આંખોમાં આડા આવતા હોય છે. તેથી કલાકાર વારંવાર તેને હાથથી ખસેડતો હોય છે. જોકે એ પણ સંગીતકલાનો જ એક ભાગ છે. જે રીતે બહેનો છૂટ્ટા રાખેલા વાળને ચહેરાની આગળ બંને બાજુએ રાખે છે અને પછી જ્યારે જ્યારે લોકો જુએ ત્યારે વાળને હાથ વડે જુદી જુદી સ્ટાઈલથી વારંવાર પાછળ ધકેલ્યા કરે છે. મારો મિત્ર કહે, "એ વીમેન એમ્પાવરમેન્ટની આડઅસર છે. આ પણ એક પ્રકારની કલ્ચરલ એક્ટિવીટી જ છે.

એક સંબંધીને ત્યાં ભજનનો કાર્યક્રમ રાખેલો અને તેમણે મને ભજન સાંભળવાનું નિમંત્રણ આપ્યું હતું. હું તો ગયો. મને એમ કે ભજનનો કાર્યક્રમ છે. એટલે કોઈ દાઢીવાળા દેશી ભજનીક,ખભે શાલ રાખીને, હાર્મોનિયમ વગાડીને ભજન ગાતા હશે અને સાથે તબલાવાદ બેંજોવાદક અને મંજીરાવાળા પણ



હશે.હું થોડો મોડો પહોંચ્યો. ભજનનો કાર્યક્રમ શરૂ થઈ ગયો હતો.

2 મેં સ્ટેજ તરફ ધ્યાનથી જોયું તો મારી કલ્પના કરતા ત્યાં સાવ જુદુ જ વાતાવરણ હતું. ત્યાં કોઈ દાઢીવાળો ભજનિક દેખાયો નહીં. ત્યાં તો એક ઊંચું મોટું સ્ટેજ હતું. તેના પર ઢોલકવાળો, કીબોર્ડવાળો, બોંગો કોંગોવાળો, ઓક્ટોપેડ બજાવવા વાળા હતા અને આદમકદના સ્ટીરીઓમાંથી ઢીચ્ચા ઢીચાક, ઢીચ્ચા ઢીચાક, વાગતું તું. જે મને સીધુજ માથામાં વાગતું તું.

અહીં પણ કલાકાર યુવાન હતો અને વાંકડિયા વાળ વાળો હતો અને બધા રીધમિસ્ટના વાળ પણ વાળ વાંકડિયા હતા. આમ વાંકડિયા વાળ તે બધાનો ગુ.સા.અ. હતો. જૂના જમાનામાં પંગતમાં જમણવાર થતા. લોકો નીચે બેસીને જમતા અને પીરસનારા પીરસતા. પછી બૂફે આવ્યા એટલે લોકો ઉભા ઉભા અને હાથમાં ડિશ લઈને આંટાફેરા મારતા મારતા જમે એવું પરિવર્તન આવ્યું. એ જ રીતે આજના અલ્ટ્રામોડર્ન ભજન ગાયકો ઉભા ઉભા ભજન ગાય. અને જેમ ખેડૂત ભૂંડ તથા રોઝથી ખેતરનું રખોપુ કરવા ખેતરમાં ચારે બાજુ આંટા માર્યા કરે તેમ સિંગર પણ સ્ટેજ પર ચારે બાજુ આંટા માર્યા કરે. તાલમાં સમ આવે ત્યાં કૂદકો મારે અને ક્યારેક ન આવે તો પણ મારે. તેને 'તાલી' અને 'ખાલી'થી કોઈ ફરક પડતો નથી. જેમ શાક માર્કેટમાં શાકભાજીની હરાજી વખતે વેચનાર બૂમો પાડતો હોય. તેમ આ બૂમો પાડતો હતો. મને થયું કે આ શાકમાર્કેટમાંથી સીધો જ અહીં નહીં આવ્યો હોય ને! પહેલા લોકો પંગતમાં જમવા બેસતા ત્યારે બૂટ ચપ્પલ કાઢીને બેસતા. હવે બૂફેમાં બૂટ ચપ્પલનો કોઈ બાધ નથી. એ જ રીતે અગાઉ ભજનીક બૂટ ચપ્પલ ઉતારીને ભક્તિભાવથી ભજન ગાતા. પણ આજકાલના સિંગરને આવા લોકો ઓર્થોડોકસ લાગે એટલે તે બુટ પહેરીને જ ભજન ગાતો હતો. તેના ભજન સંતવાણી ગુરુવાણી નહીં પણ રિમિક્સ અને કડવાણી હતા. એટલે તેમાં ભજન કરતા આઈટમ સોંગ જેવી ફીલિંગ વધુ આવતી હતી. એટલે જ દર્શકોને જલસો પડતો'તો. તેમાં તે ગાય છે એટલી જ ખબર પડે! પણ શું ગાય છે તે ખબર ન પડે અને જરૂર પણ શું છે! ખબર ન પડે એટલે લોકો ખૂબ નાચે. અને મોટીવેશનલ સ્પીકર ની જેમ જ મોડર્ન ભજનિક સ્ટેજના એક છેડેથી બીજા છેડે એટલુ બધુ અપડાઉન કરતો'તો કે તેણે દોઢ કલાક ભજન ગાયા તેમાં પાંચેક કિમી તો ચાલી નાખ્યું હશે. વળી તે બુટ પહેરીને જ ગાતો હતો એટલે મારા બૂટ કોઈ બઠાવી જશે એવી તેને ચિંતા નહોતી.

માણસને હસવા માટે કારણ જોઈએ. પણ આ કર્લી કેશવાળો સિંગર તો જાણે કે કોઈ ચીજની એડવર્ટાઈઝમેન્ટ કરતો હોય તે રીતે જુદી જૂદી દિશામાં જોઈને અકારણ હસતો'તો. આવું કરતા કરતા તે વચ્ચે બૂમો પણ પાડી લેતો હતો. હમણાં હમણાંથી આ બધું જબરું ચાલ્યું છે કે સિંગર શ્રોતાઓને કહે કે હવે હું ગવડાવું તે મારી સાથે ગાવાનું છે. (તે ગાવામાં આવું કહે, ખાવામાં નહીં.)

**શ્રોતાઓને ફાયદો એ છે કે જેને સંગીતકલા અનુકૂળ ન આવે તે કલાકારની કર્લી કેશકલા જોઇને ટાઇમ કાઢી શકે, આમ વાંકડિયા વાળ એ કલાકારોની વીકનેસ છે કે વિશિષ્ટતા એ જ સમજાતું નથી!**

આમ કહી એક લાઈન તે ગાય અને પછી માઈક દર્શકો સામે ધરે. છતાં દર્શકો બરાબર ગાય નહીં એટલે કહે કે આમાં મજા ન આવી. ફરીથી ગાવ, જોશથી, એનર્જેટિક ગાવ. પછી પોતે જેવી બૂમ પાડે એવી બૂમ લોકો પાસે ઉઘરાવે. ત્યારે કહેવાનું મન થાય કે ભાઈ આમાં અમને જરાય મજા નથી આવતી માટે તું મર્કટચેષ્ટા બંધ કર. હવે જો તું બંધ થઈ જા તો જ અમને મજા આવે. વળી ગાતા ગાતા છેલ્લે તાલ મેળવવા માટે પણ લોકો પાસેથી 'હો..ઓ..ઊ', 'હો..ઓ..ઊ,' એવો દેકારો ય ઉઘરાવે અને લોકો પણ ઉદાર દીલે દેકારાનું દાન કરે.

તે આવ્યો હોય ભજન ગાવા પણ અત્યાર સુધીમાં તેણે એકેય ભજન ગાયું ન હોય. તે ભજનનું માત્ર મુખડું ગાય અને પછી જોવાલાયક મુખડા સામે જુએ. પછી ફરી બીજા બે'ક ગીતના મુખડા ગાય ત્યાર પછી તાજેતરમાં વંટોળે ચડેલા કોઈ ફિલ્મી ગીત કે આલ્બમ ગીત ની બે'ક લાઈન ગાય. આમ તે ભજનમાં ભજન, ગીત, ફિલ્મગીત, ગઝલ, દુહા ,છંદ, પૉપ,રેપ મિક્સ કરી ભજનનું ઊંધિયું બનાવે. પણ આ ઊંધિયું એવું બને કે તેમાં એકેય ચીજનો સ્વાદ ન આવે. ભજન હોય એટલે ભગવાનની છબી રાખી હોય. ભગવાન બિચારા છબીના કાચ પાછળ ચૂપચાપ બેઠા હોય. જો બહાર નીકળી શકતા હોત તો સૌથી પહેલા તેને જ કહેત કે 'ભાઈ તું ભજનના નામે ભવાડા બંધ કર.' આવા ભજનમાં સામે ઓડિયન્સ પણ એવું ઊભડક હોય.

3 ઓડિયન્સને પણ ખબર ન હોય કે ભજન એટલે શું!? લોકો તો બસ એટલું જ સમજે કે પેલો સામે સ્ટેજ પરથી જે કાંઈ બૂમબરાડા પાડે છે તેને એન્જોય કરો. બાકી માથાકૂટમાં શું કામ પડવું. બસ એ ગાય એટલે પૈસા વસૂલ! તે ગાય છે ને બાકીના ખાય છે. સામાન્ય રીતે ભજનમાં બેઠેલામાંથી વીસ ટકા તો ઝોંકે ચડી જતા હોય છે. પણ અહીં શ્રોતાઓ નિરાંતે ઝોકા પણ ખાઈ શકતા નથી. કારણ કે પેલો સિંગર બૂમ પાડે એટલે જેમ ચુંદડી ઓઢું ઓઢું ને ઉડી જાય એમ ઊંઘ આવે આવે ને ઉડી જાય. સામાન્ય રીતે ભજનમાં ક્યાંય કૂદકા મારવાનું ન આવે. પણ અહીં સિંગર તક મળ્યે કૂદકા મારી લેતો હતો. તે તકની રાહ જોતો નથી પણ તકનું સર્જન કરે છે.

તેની સારી તંદુરસ્તીનું આ પણ એક કારણ હોઈ શકે.કારણ કે કૂદકા મારવાથી એક્સરસાઈઝ થઈ જાય. આમ છતાં તે ઓડિયન્સને જોઈને વધારે પડતા ઉત્સાહમાં આવીને કૂદકા મારે છે ત્યારે સ્ટેજ સામે નજીકમાં ઉભેલા દર્શકોએ તેને ચેતવવો પડે છે કે ભાઈ 'સાઈકલ જેકસન' માપમાં રહો. પછી ઓચિંતાના મંચભ્રષ્ટ થશો તો સંગીતના સુર ને બદલે 'એકસો આઠ'ના સૂર સંભળાશે.

તેણે કાનમાં કડી પહેરી હોય, હાથમાં બ્રેસલેટ પહેર્યા હોય, કાંડે રંગબેરંગી દોરા બાંધ્યા હોય,કપડાં પણ કલરફુલ પહેર્યા હોય, હળવો મેકઅપ પણ કર્યો હોય. વાળ વાંકડીયા અને લાંબા હોય. આ બધું જોઈને એક જૂનવાણી દુહો યાદ આવે કે.

*ભગત થયો પણ ભેદ ન જાણ્યો, કાનમાં પહેરી કડી,*
*દયા ધરમ કાંઈ જાણ્યો નહીં, એની ચકલી ફૂલેકે ચડી.*

સામે બેઠેલા સિત્તેર પંચોતેરની ઉંમરના વડીલ તો પોતાની ધર્મપત્નીને નિર્દોષભાવે પૂછી બેસે કે 'આ તો પેલી દલિયાની પોરી લાગે છે!' એટલે કાકી કાકાના પડખામાં વાજબી ઠોસો મારીને ધીમેથી બોલે કે મૂંગા મરો ને, એ પોરી નહીં પોયરો છે, પેલા કલ્લુનો મોટો પોયરો. ત્યાંરે વડીલ આશ્ચર્યથી બોલે, મારું બેટુ, આંખમાં મણી તો હાઈ કવોલીટીનો બેસાડ્યો છે.તો ય આ 'મણી' છે કે મણીભાઈ કાંઈ સમજાતું નથી. અહીં તો ભજન ગાયકને લોકો સાંભળે કે નહીં તેની ચિંતા ન હોય. બસ એનું કામ તો ફાસ્ટફૂડ ટાઈપનું સિગીંગ કરવાનું. એટલે પેલો કાઠિયાવાડી દુહો યાદ આવે કે..

*હમજણ વિનાના હાંગલા 'ને પીંજણ પબેડા ખાય,*
*ચીચોડો રાડ્યું દીએ, એનો રહ કુંડીમાં જાય.*

## ગરમાગરમ ......

**પત્ની :- (પતિને)તમે લગ્ન પછી સાવ બદલાઈ ગયા છો. હવે તમને મારામાં જરાય રસ નથી.**
**પતિ :- મેં તને લગ્ન પહેલા જ કહ્યું'તું ને કે મને પરણેલી સ્ત્રીઓમાં જરાય રસ નથી!**